# ભારતીય શેરબજારમાં મોટો કડાકો

**અમેરિકાનું રેટિંગ ડાઉનગ્રેડ થતાં ભારતીય શેરબજારમાં મોટો કડાકો, રોકાણકારોને ૩.૫૧ લાખ કરોડ રૂપિયાનું નુકસાન : સેન્સેક્સમાં ૬૭૬, નિફ્ટીમાં ૨૦૭ પોઈન્ટનો ઘટાડો, ક્રેડિટ રેટિંગ એજન્સી ફિચે યુએસ ક્રેડિટ રેટિંગ એએએ થી ઘટાડીને એએ કરતા ભારત સહિત એશિયન-યુરોપિયન બજારોમાં ભારે કડાકો**

મુંબઈ, તા.૨

ભારતીય શેર બજારમાં આજે બુધવારનો દિવસ બરબાદીનો દિવસ સાબિત થયો છે. આજે માર્કેટમાં જોરદાર કડાકો બોલ્યો છે. જેના કારણે રોકાણકારોની સંપત્તિમાં કરોડો રુપિયાનો ઘટાડો નોંધાયો છે. અમેરિકાના રેટિંગ ડાઉનગ્રેડની અસર વિશ્વભરના શેરબજારો પર જોવા મળી હતી. એશિયન અને યુરોપિયન બજારોમાં ભારે ઘટાડાથી ભારતીય શેરબજારમાં ઓલ રાઉન્ડ વેચવાલી જોવા મળી હતી.

દિવસના કારોબારમાં સેન્સેક્સ ૧,૦૦૦ અને નિફ્ટી ૩૦૦ પોઈન્ટ તૂટ્યા હતા. સેન્સેક્સ ૬૬,૦૦૦ની નીચે સરકી ગયો. બજાર નીચલા સ્તરેથી ૪૦૦ પોઈન્ટની નજીક રિકવર થયું, છતાં બીએસઈસેન્સેક્સ ૬૭૬ પોઈન્ટના ઘટાડા સાથે ૬૫,૭૮૨ પર બંધ થયો અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૦૭ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૫૧૪ પોઈન્ટ પર બંધ થયો.



આજના કારોબારમાં માર્કેટમાં ઘટાડાને કારણે રોકાણકારોને ભારે નુકસાન થયું છે. બીએસઈપર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. ૩૦૩.૨૯ લાખ કરોડ પર બંધ થયું છે, જ્યારે અગાઉના ટ્રેડિંગ સેશનમાં માર્કેટ કેપ રૂ. ૩૦૬.૮૦ લાખ કરોડ હતું. એટલે કે આજના વેપારમાં ૩.૫૧ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

આજના કારોબારમાં તમામ સેક્ટરના શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે. બેંક નિફ્ટી ૧.૨૧ ટકા, એનર્જી ૧.૬૧ ટકા, ઓટો ૧.૬૪ ટકા, આઈટી ૦.૮૧ ટકા, ફાર્મા ૦.૧૯ ટકા, મેટલ્સ ૨.૦૧ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે. નિફ્ટીનો મિડ કેપ ઈન્ડેક્સ ૧.૨૪ ટકા અને સ્મોલ કેપ ૧.૭૩ ટકા ઘટીને બંધ થયો હતો.

ક્રેડિટ રેટિંગ એજન્સી ફિચે યુએસ ક્રેડિટ રેટિંગ એએએથી ઘટાડીને એએ કર્યું છે. રેટિંગ એજન્સીએ આગામી ત્રણ વર્ષ સુધી અમેરિકાની નાણાકીય સ્થિતિમાં કથળવાની આશંકા વ્યક્ત કરી છે. રેટિંગ એજન્સીએ કહ્યું કે છેલ્લા ૨૦ વર્ષમાં ગવર્નન્સના ધોરણમાં ઘટાડો થયો છે, જેમાં નાણાકીય અને દેવા સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે. ફિચના આ નિર્ણયથી એશિયન અને યુરોપિયન શેરબજારોમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. અને તેની અસર ભારતીય બજારો પર પણ જોવા મળી હતી.

## મોદી મિસ્ટર ક્લિનની છબિ ધરાવે છે : અજિત પવાર

**મોદી જેવી આંતરરાષ્ટ્રીય લોકપ્રિયતા ધરાવતો બીજો કોઈ નેતા નથી, સત્ય એ જ સત્ય છેઃ એનસીપીના નેતા**



પુણે, તા.૨

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે કહ્યું છે કે સ્વર્ગસ્થ રાજીવ ગાંધી 'મિસ્ટર ક્લીન' તરીકે જાણીતા હતા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ એવી જ પ્રતિષ્ઠા ધરાવે છે.

પવાર, જેમણે ગયા મહિને ભાજપ-શિવસેના સરકારમાં જોડાવા માટે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) માંથી પક્ષપલટો કર્યો હતો, તેઓ મંગળવારે પુણેમાં એક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા જ્યાં મોદીને લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. તેમણે કહ્યું કે જ્યારે મોદીની મોટર કાફલો પસાર થઈ રહ્યો હતો ત્યારે પુણેના લોકોએ રસ્તાની બંને બાજુ ઉભા રહીને તેમનું સ્વાગત કર્યું હતું.

પવારે કહ્યું કે કોઈપણ વડાપ્રધાન કાયદો અને વ્યવસ્થાના દૃષ્ટિકોણથી દેશમાં સારું વાતાવરણ બનાવવા વિશે વિચારશે. મણિપુરમાં જે થઈ રહ્યું છે તેને કોઈએ સમર્થન આપ્યું નથી. વડા પ્રધાને આ બાબતની નોંધ લીધી છે. ભારતના ચીફ જસ્ટિસે પણ સંજ્ઞાન લીધું છે. ત્યાં જે કંઈ થયું તે બધા દ્વારા વખોડવામાં આવ્યું છે.

કેન્દ્ર અને મણિપુર સરકાર એ સુનિશ્ચિત કરી રહી છે કે ૩ મેની ઘટના (જ્યાં બે મહિલાઓને નગ્ન પરેડ કરવામાં આવી હતી)ના ગુનેગારોને સજા મળે, એમ તેમણે જણાવ્યું હતું.

પવારે કહ્યું, મોદી રોજના ૧૮ કલાક કામ કરે છે. તેમણે કહ્યું કે દિવાળી દરમિયાન, જ્યારે દેશનો બાકીનો ભાગ ઘરમાં દિવાળી ઉજવે છે, ત્યારે તે સરહદ પર સેનાના જવાનો સાથે ઉજવે છે.

પવારે કહ્યું કે અમે છેલ્લા નવ વર્ષથી તેમના કામને જોઈ રહ્યા છીએ. મોદી જેવી આંતરરાષ્ટ્રીય લોકપ્રિયતા ધરાવતો બીજો કોઈ નેતા નથી. સત્ય એ જ સત્ય છે. મારે વિકાસ જોઈએ છે વિપક્ષી પાર્ટીમાં હોવાને કારણે અમે વિરોધ કરી શકીએ છીએ અને મોરચા કાઢી શકીએ છીએ, પરંતુ નિર્ણય સત્તા પર રહેલા લોકો પર રહે છે.

## એફબીઆઈના મહત્વપૂર્ણ પદ પર મૂળ ભારતીય સોહિણી સિન્હાની નિમણૂક

વોશિંગ્ટન, તા.૨

અમેરિકામાં ભારતીય સમુદાયની બોલબાલા યથાવત્ છે. વધુ એક સરકારી કાર્યાલયમાં હવે ભારતીય મૂળની વ્યક્તિની નિમણૂક કરવામાં આવી છે એ પણ ઊંચા હોદ્દે. માહિતી અનુસાર ભારતીય અમેરિકી સોહિણી સિન્હાને ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઈ)ના ઉટાહમાં સોલ્ટ લેક સિટીના ફિલ્ડ ઓફિસમાં સ્પેશિયલ એજન્ટ ઈન્ચાર્જ બનાવાયા છે.

એફબીઆઈના નિર્દેશક ક્રિસ્ટોફર રે દ્વારા સોહિણી સિન્હાના નામની સ્પેશિયલ એજન્ટ ઈન્ચાર્જ પદે નિમણૂક કરવાની ભલામણ કરવામાં આવી હતી. અગાઉ તે વોશિંગ્ટન ડીસીમાં આવેલા એફબીઆઈ હેડક્વાર્ટર પર નિર્દેશકના એક્ઝિક્યૂટિવ સ્પેશિયલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવી રહ્યા હતા.

સોહિણી સિન્હાની વાત કરીએ તો તેઓ ૨૦૦૧માં એફબીઆઈસાથે સ્પેશિયલ એજન્ટ તરીકે જોડાયા હતા. તેમને સૌથી પહેલાં મિલવાઉકી ફિલ્ડ ઓફિસે પોસ્ટિંગ અપાઈ હતી. તેઓ અહીં આતંકવાદ વિરોધી ટુકડીમાં કામ કરતા હતા. હાલમાં જ તેમણે ગ્વાંતનામો બે ખાત આવેલા નેવીના બેઝ પર કામચલાઉ એસાઈનમેન્ટમાં પણ ભૂમિકા ભજવી હતી.

## સુરક્ષા દળોએ બારામુલ્લામાંથી બે હાઈબ્રિડ આતંકીની ધરપકડ કરી

**સ્વતંત્રતા દિવસ પર કાશ્મીરમાં માહોલ બગાડવાનું કાવતરું**

બારામૂલ્લા, તા.૨

આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાએ સ્વતંત્રતા દિવસ દરમિયાન કાશ્મીરમાં માહોલ બગાડવા અને લોકોમાં ભય પેદા કરવા માટે ટાર્ગેટ કિલિંગનું કાવતરું ઘડ્યું હતું. સુરક્ષા દળોએ બુધવારની વહેલી સવારે બારામુલ્લામાં બે હાઈબ્રિડ આતંકવાદીઓની ધરપકડ કરીને આ ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. ધરપકડ કરાયેલા આતંકવાદીઓની પૂછપરછ ચાલી રહી છે.આ મામલે સંબંધિત અધિકારીઓએ જણાવ્યું કે ધરપકડ કરાયેલા બંને આતંકવાદીઓ સ્થાનિક છે અને તેઓને બારામુલ્લાના આઝાદગંજમાં સેના, પોલીસ અને સીઆરપીએફના સંયુક્ત નાકાદળ દ્વારા પકડવામાં આવ્યા છે.

ઓલ્ડ ટાઉનમાં લશ્કર-એ-તૈયબાના બે નવા આતંકવાદીઓ નજરે પડવાની જિલ્લા પોલીસને મળેલી માહિતીના આધારે આ નાકા લગાવવામાં આવ્યો હતો. નાકા પાર્ટીએ આજે વહેલી સવારે બે યુવાનોને શંકાસ્પદ રીતે ફરતા જોયા હતા. નાકા પર તૈનાત જવાનોએ બંને યુવકો પર ઝીણવટભરી નજર રાખી અને તેમને આગળ આવવા દીધા પરંતુ બંને યુવકોએ નાકા જોઈને તરત જ પાછળ ભાગવાનો પ્રયાસ કર્યો હતો.નાકા પર તૈનાત જવાન પહેલાથી તૈયાર બેઠા હતા. તેમણે બંનેનો પીછો કર્યો અને બંનેને બચવાની તક આપ્યા વગર પકડી લીધા. બંનેની ઘટના સ્થળ પર જ તલાશી લેવામાં આવી. આ દરમિયાન તેમની પાસેથી એક પિસ્તોલ, એક મેગેઝિન, ચાર કારતૂસ, એક ગ્રેનેડ અને અન્ય હથિયારો મળી આવ્યા હતા. બંને આતંકવાદીઓની ધરપકડ કરીને બારામૂલા પોલીસ સ્ટોશન લઈ જવામાં આવ્યા. જ્યાં તેમની ઓળખ ફૈસલ મઝીદ ગનઈ નિવાસી બંગલા બાગ બારામૂલા અને નૂર ઉલ કામરાન ગનઈ નિવાસી બાગ એ ઈસ્લામ ઓલ્ડ ટાઉનના રૂપમાં થઈ છે.

પ્રારંભિક પૂછપરછમાં બંનેએ જણાવ્યું કે, તેઓ થોડા સમય પહેલા આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબામાં સક્રિય થયા હતા. તેઓને તેના હેન્ડલર દ્વારા ઓલ્ડ ટાઉનના ચોક્કસ સ્થળેથી હથિયાર ઉપાડવાનું કહેવામાં આવ્યું હતું. તેમને કાશ્મીરી હિંદુઓ અને અન્ય લઘુમતીઓની ટાર્ગેટ કિલિંગ ઉપરાંત ૧૫ ઓગસ્ટ પહેલા બારામુલ્લા અને તેની આસપાસના વિસ્તારોમાં સુરક્ષા દળો પર ગ્રેનેડ હુમલાઓ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

## અમે લક્ઝરીની માગણી નથી કરતા, પણ મૂળ જરૂરિયાતોનું ધ્યાન રાખવું પડે

**હાર્દિક પંડ્યાએ વેસ્ટઈન્ડિઝ બોર્ડના ગેરવહિવટનો આરોપ કર્યો**

બાર્બાડોસ, તા.૨

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન અને વનડે સિરીઝ બાદ પ્રેઝન્ટેશન સેરેમની એક વિચિત્ર કોમ્બિનેશન બની રહ્યું છે. અગાઉ ભારતીય મહિલા ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરને બાંગ્લાદેશ સામેની સિરીઝ બાદ તેના હરકતો માટે ભારે વિરોધનો સામનો કરવો પડ્યો હતો. તેના બદલે તેના પર બે મેચનો પ્રતિબંધ પણ મુકાયો હતો. હવે હાર્દિક પંડ્યાએ વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રણ મેચની વનડે સિરીઝ બાદ વિન્ડીઝ ક્રિકેટ બોર્ડ પર ગેરવહીવટનો આરોપ લગાવ્યો છે.



હાર્દિકે વેસ્ટ ઈન્ડિઝમાં રહેવા દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવ અંગે દુખ વ્યક્ત કર્યું હતું અને કહ્યું હતું કે ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝ માટે આ મુદ્દા પર ધ્યાન આપવાનો અને તેનો ઉકેલ લાવવાનો સમય આવી ગયો છે. રોહિત શર્માની ગેરહાજરીમાં હાર્દિકના નેતૃત્વ હેઠળ વેસ્ટ ઈન્ડિઝને ૨૦૦ રનથી હરાવીને ત્રણ મેચની વનડે સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી, જેમાં હાર્દિકે ૫૨ બોલમાં અણનમ ૭૦ રન ફટકાર્યા હતા. મેચ બાદ હાર્દિકે કહ્યું, 'આ અમે જ્યાં રમ્યા છીએ તે શ્રેષ્ઠ મેદાનોમાંથી એક હતું. આશા છે કે આગલી વખતે જ્યારે અમે વેસ્ટ ઈન્ડિઝમાં આવીશું ત્યારે વસ્તુઓ વધુ સારી હશે. મુસાફરીથી માંડીને ઘણી બધી બાબતોને સારી રીતે મેનેજ કરવામાં આવશે. ગયા વર્ષે પણ કેટલીક સમસ્યાઓ હતી. મને લાગે છે કે વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ માટે આ સમય છે કે તે તેની તપાસ કરે અને ખાતરી કરે કે જ્યારે કોઈ ટીમ પ્રવાસ કરે છે, ત્યારે બધું બરાબર હોય. અમે લક્ઝરીની માગણી નથી કરી રહ્યા, પરંતુ તેમણે કેટલીક મૂળભૂત જરૂરિયાતોનું ધ્યાન રાખવું પડશે.

હાર્દિકે કહ્યું, "અહીં આવીને અને સારા ક્રિકેટનો આનંદ માણીને આનંદ થયો." ભારતીય ક્રિકેટરોએ અગાઉ બીસીસીઆઈ સામે તેમની નારાજગી વ્યક્ત કરી હતી કારણ કે તેમની ત્રિનિદાદથી બાર્બાડોસની મોડી રાતની ફ્લાઈટ લગભગ ચાર કલાક મોડી પડી હતી, જેના કારણે તેમને વનડે સિરીઝની શરૂઆત પહેલા સારી ઊંઘ ન મળી હતી.

## મુખ્યમંત્રીના હસ્તે રાજ્યમાં ૧,૪૦૧ કરોડના વધુ ૪ MOU

**આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ પાંચ હજારથી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે**




અમદાવાદ, તા.૨

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે રાજ્યમાં માત્ર ૨૪ કલાકમાં જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ,ઉદ્યોગમંત્રીની ઉપસ્થિતિમાં કેમિકલ સેક્ટરમાં ૧૪૦૧ કરોડ રૂપિયાનાં રોકાણો સાથે વધુ ૪ નવાં MoU થયાં છે. આ રોકાણને લીધે રાજ્યમાં ૨ હજારથી વધુ અપેક્ષિત રોજગારીની તકો ઊભી થશે. કેમિકલ ક્ષેત્રની પ્રતિષ્ઠિત કંપનીઓ દહેજ અને સાયખા GIDCમાં રોકાણો કરશે. ગુજરાત સરકારે વાયબ્રન્ટ સમિટ પૂર્વે પ્રતિ સપ્તાહ MoUના ઉપક્રમની બે કડીમાં કુલ રૂ. ૨૭૬૧ કરોડના ૧૦ MoU સંપન્ન થયા છે. આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ પાંચ હજારથી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્ય સરકાર તથા વિવિધ ૪ ઉદ્યોગગૃહો વચ્ચે કેમિકલ સેક્ટરમાં ૧૪૦૧ કરોડના કુલ રોકાણો સાથે જિલ્લાના સાયખા તથા દહેજ GIDCમાં ઉદ્યોગો શરૂ કરવા માટેના MoU સંપન્ન.

## સાયબર ફ્રોડમાં બેંકોએ ગ્રાહકને તરત નાણાં પરત કરવા જોઈએ

**નાણાકીય બાબતોની સંસદીય સ્થાયી સમિતિની ભલામણ**

નવી દિલ્હી, તા.૨

સાયબર ફ્રોડમાં, ગ્રાહકોના ખાતામાંથી કપાયેલા પૈસા તેમની સંબંધિત બેંકો અને નાણાકીય સંસ્થાઓને જાતે અને તરત જ પરત કરવા જોઈએ. નાણાકીય બાબતોની સંસદીય સ્થાયી સમિતિએ આ ભલામણ કરી છે. ભાજપના સાંસદ જયંત સિન્હાની આગેવાની હેઠળની સ્થાયી સમિતિએ લોકસભામાં રજૂ કરેલા અહેવાલમાં જણાવ્યું હતું કે આરબીઆઈએ પોતે જ એવી સિસ્ટમ બનાવવી જોઈએ કે બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓ ઓટોમેટિક સિસ્ટમ દ્વારા ગ્રાહકો પાસેથી છેતરપિંડી કરાયેલા નાણાં પરત કરવાની તેમની જવાબદારી સ્વીકારે.

લોકસભામાં રજુ કરાયેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે સાયબર ક્રાઈમ સતત નવા સ્વરૂપોમાં સામે આવી રહ્યા છે, ગ્રાહકોને તેનાથી બચાવવા માટે ખૂબ જ જટિલ સુરક્ષા વ્યવસ્થા હોવી જોઈએ. સમિતિએ કહ્યું કે જે ગ્રાહકો સાથે છેતરપિંડી કરવામાં આવી છે તેમને ત્રણ દિવસમાં તેમના ગુનાની જાણ કરવા કહેવામાં આવ્યું છે. આ સમયગાળો વધારીને ૭ દિવસ કરવો જોઈએ. તેનાથી ગ્રાહકોને રાહત મળશે.

સમિતિ દ્વારા બીજી એક ભૂલ તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે ખાતા વ્યવહારોના જીસ્જી ગ્રાહકોને વારંવાર મોકલવામાં આવતા નથી. જો તાત્કાલિક માહિતી મોકલવામાં નહીં આવે તો ગુનેગારો દ્વારા ખાતામાંથી નાણાંની ચોરી થાય ત્યારે પણ લોકોને માહિતી નહીં મળે અને ગુનાઓ બનતા રહેશે. સંસદીય સમિતિએ કડક શબ્દોમાં કહ્યું- સંસ્થાએ તાત્કાલિક જીસ્જી સૂચના સેવાઓમાં સુધારો કરવો જોઈએ.

સંદેશાવ્યવહાર અને માહિતી ટેકનોલોજી પરની સંસદીય સ્થાયી સમિતિએ સાયબર ક્રાઈમના જોખમનો અસરકારક રીતે સામનો કરવા અને ડિજિટલ યુગમાં નાગરિકો અને અધિકારીઓના હિતોનું રક્ષણ કરવા માટે દેશમાં ડેટા સંરક્ષણ કાયદો લાવવાની તીવ્ર જરૂરિયાત વ્યક્ત કરી છે. કમિટીએ પોતાના ૪૮મા અહેવાલમાં કહ્યું છે કે ડેટા પ્રોટેક્શન કાયદાના અમલમાં વિલંબથી લોકો માટે વિવિધ જોખમો થઈ શકે છે. આ સાથે નાગરિકોના ગોપનીયતા અધિકારો સાથે પણ ચેડાં કરવા પડી શકે છે. કમિટીએ કાયદાનો તાત્કાલિક અમલ કરવા ભારપૂર્વક હિમાયત કરી છે.

દિલ્હી સરકારે વિદેશમાં ઉચ્ચ શિક્ષણ લઈ રહેલા એસસીવિદ્યાર્થીઓ માટે નાણાકીય સહાય ૫ લાખ રૂપિયાથી વધારીને ૨૦ લાખ રૂપિયા કરવી જોઈએ અને સહાયની અવધિ ઓછામાં ઓછી પાંચ વર્ષ સુધી વધારવી જોઈએ.

### પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ભાવનાત્મક છે, તે રક્ષક છે તે તક્ષકોનાં પણ ઉદ્ધારક છે, તે શાંત છે, તે શ્રેષ્ઠ છે, તે ઉતુંગશીખર છે ભકિતનું, તે સાગર છે, તે અંતરીક્ષ છે, તે સર્જક છે ,તે શત્રુઓના વિધ્વસંક છે, તે આનંદ છે તેના હૈયામાં પણ શોક છે તે બહારથી હરહંમેશ હસતા રહે...ભીતરથી છલોછલ.

કૃષ્ણ એટલે આંધળો વિશ્વાસ....યાદ છેને પાંચાલી, કૃષ્ણ એટલે ગુરૂપદ...યાદ છેને અર્જુન.....કૃષ્ણ એટલે સતજન યાદ છેને ગાંધારી...અને તેનો શ્રાપ......કૃષ્ણ એટલે ચમત્કાર જરાય નહીં ,કૃષ્ણ એટલે મોહિની પેલી ઘેલી રાધા આજેય મોહિત છે, પેલું ગોકુળ આજેય છે તેના કાનાની, યશોદાનાં માખણ આજે બાળમાખણચોરને શોધે છે...લીલાઓ વચ્ચે વહેચાંયેલો કૃષ્ણ સંઘળાઓને સ્પર્શે છે ...

કૃષ્ણ એટલે તત્વનો મર્મ....કૃષ્ણ એટલે તત્વજ્ઞાનનું યુનિવર્સ....રાસ રમતા કૃષ્ણ પણ અચંભીત કરે અને વિશ્વરૂપ કૃષ્ણ પણ હું જ સર્વસ્વ છું....તેવો ભાસ કરાવે....કૃષ્ણ એટલે સુર્ય જે સઘળાના પોતને પ્રકાશે, કૃષ્ણ એટલે રણછોડ...પણ ડરથી નહીં કોઈનાં રક્ષણ કાજે...'સ્વજન હિતાય' કરતાં "સર્વજન હિતાય"નો સિદ્ધાંત એટલે કૃષ્ણ.....

કૃષ્ણ એટલે પ્રેમનો મહાસાગર....બસ બધા પામે જ પામે કોઈ તે કેમ વિસરે તેને.....કૃષ્ણ સદાચારી હતાં પણ તેઓ માત્ર પ્રેમથી જીવનનાં મર્મને દ્રષ્ટીભુત કરતાં....

કૃષ્ણ એટલે રાસલીલા અને લીલાનો એક સમંદર એટલે જ કૃષ્ણ.....સતત પોતાના ચમત્કાર થકી લોકઆશ્ચર્ય વચ્ચે લોકોને જીવતા શીખવે છે બસ ગીરી ગોવર્ધન ને ઉચકીને ગોકુળવાસીઓના જીવનને ફળીભુત કરે છે..,"

### ઉજવણી કરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેયુરભાઈ જેઠવા, પુર્વે ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, શહેરના અગણી ઉધોગપતિ એન પી પટેલ, પૂર્વે મેયર પ્રવિણભાઈ પટેલ, વૉર્ડ ૮ કોરપોરેટર, રાજેશભાઈ પટેલ, મહેન્દ્રભાઈ દાસ કાર્યક્રમમા ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચન કરી સ્થાપના દિવસની સૌને શુભેચ્છાઓ પાઠવી હતી

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના ૧૪ ગામના ખેડૂતોની જમીન ગાંધીનગરની રચના માટે સંપાદન કરવામાં આવી હતી તેવા અસરગ્રસ્ત ખેડૂતોના પ્રશ્નો માટે સંઘૅષ કરતા અસરગ્રસ્ત ખેડુત આગેવાનો સવૅશ્રી જીલુજી વાઘેલા બાસણ અમરસિંહ ગોલ વાવોલ હસમુખભાઈ મકવાણા ઈન્દૌડા લાલભાઈ પટેલ કોલવડા સંજયભાઈ પટેલ વાવોલ વગેરે નું ફૂલહાર અને શાલ ઓઢાડી મેયર તથા ધારાસભ્યના હસ્તે જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

### તિરંગા વિતરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરતા જોબ ગિવર બને તે દિશામાં અનેક કામો કર્યા છે જેના પરિણામે દેશના યુવાનો આજે દરેક ક્ષેત્રે આગળ છે. ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાના કાર્યકરો આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વવાળી ભાજપા પાર્ટીને પ્રચંડ જીત અપાવે તે માટે યુવા મોરચા દ્વારા આવનાર દિવસોમાં વિવિધ કાર્યક્રમો યોજનાર છે.

શ્રી કોરાટે વધુમાં જણાવ્યું કે, ૧૫મી ઓગસ્ટના દિને સ્વતંત્ર દિવસ નિમિત્તે રાજયભરમાં યુવાનો દેશભક્તિના રંગમાં રંગાય તે માટે ૧૧,૧૨ અને ૧૩ ઓગસ્ટે તિરગાનું વિતરણ કરી વિશેષ ઝુંબેશ ચલાવશે અને વિવિધ શહેરમાં તિરંગા વિતરણ કરવામાં આવશે. ૧૪ મી ઓગસ્ટ વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ અંતર્ગત મશાલ રેલીનું આયોજન રાજયના તમામ તાલુકા અને શહેરોમાં કરવામા આવશે.

શ્રી કોરાટે વધુમાં જણાવ્યું કે, મેરી માટી મેરા દેશ અંતર્ગત આગામી સમયમાં દેશ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે તેમજ રાજયના યુવક બોર્ડ દ્વારા યુથ પાર્લામેન્ટનું આયોજન થનાર છે જેમાં યુવા મોરચાના કાર્યકરો જોડાશે. આવનરા દિવસમાં રાજયના નવ યુવાનો ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને જાણે અને પક્ષ સાથે જોડાઇ દેશના વિકાસમાં મહત્વનો ફાળો આપે તે દિશામાં વિધ કાર્યો હાથ ધરાશે.

### ઉજવાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, મ્યુ.કમિશનર જે. એન. વાઘેલા, કોર્પોરેટરો મહેન્દ્ર પટેલ દાસ અને ભરત દીક્ષિત, ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડો. ચેતના બુચ, સુધીરભાઈ દેસાઈ, પ્રદીપ સોલંકી, ભાનુભાઈ દવે, થર્મલ પાવર સ્ટેશનના ચીફ એન્જિનિયર બથવારા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અગ્રણી નિશિત વ્યાસ, પૂર્વ નાણામંત્રી, બાબુભાઈ મેઘજી શાહ, વસાહત મહામંડળમંડળના અન્ય હોદ્દેદારો, જીઈબી થર્મલ પાવર સ્ટેશનના સ્ટાફ મિત્રો તથા શહેરના અગ્રણી નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નગરના પાયાના વિકાસના પ્રશ્નો ઉકેલી અને ઉત્કૃષ્ટ કામગીરી બદલ આમ આદમી પાર્ટી દ્વારા અરુણભાઈ બુચનું સાલ ઓઢાડી સન્માન પણ કરવામાં આવ્યું હતું.

### સદસ્ય નિવાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દાયકાઓના અંતે આ આવાસો પણ જોખમી બનતા જતા રહેણાંકના લાયક મકાનોની ઘટતી સંખ્યાને ધ્યાનમાં રાખી જૂના મકાનો તોડીને તબક્કાવાર અદ્યતન ટાવર કોલોની બાંધવામાં આવી રહી છે ધારાસભ્યો ના માટે પણ નવા ક્વાટર બનાવવામાં આવી રહ્યાં છે સે ૧૭ માં ૨૧૬ જેટલા ફ્લેટ ટાઈપ સદસ્ય નિવાસ બાંધવા માટે કામ ચાલી રહ્યું છે સેક્ટર ૧૭માં જ ગાંધીનગરના સૌ પ્રથમ સદસ્ય નિવાસ તૈયાર કરવામાં આવ્યા હતા જ્યારે સમય જતા આ આવાસો કંગાળ અને ભયજનક બનતા સેક્ટર ૨૧ બાદ હવે . બદલાતા સમયની સાથે ધારાસભ્યો માટેની નવી રહેણાંક વસાહત બાંધવાનું કામ શરૂ કરાયું છે જ્યારે પ્રથમ તબક્કામાં આ ઠેકાણે અસ્તિત્વ ધરાવતા જોખમી આવાસોનો કડૂસલો કરી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી ત્યારબાદ પાયાનું ખોદકામ હાથ ધરવામાં આવ્યું હતું

માર્ગ મકાન વિભાગ કક્ષાએ હાથ ધરાયેલા વિવિધ પ્રોજેક્ટ સંદર્ભે ગુણવત્તાના મામલે સરકાર વધુ એલર્ટ મોડમાં છે ત્યારે નવા એમ એલ એ ક્વાટર ના બાંધકામ અન્વયે પણ કન્સલ્ટન્સી સર્વિસ ફોર થર્ડ પાર્ટી ઈન્સપેક્શન કરાવવા નિર્ણય લેવાયો હતો જેને ધ્યાનમાં રાખી ક્વોલીટી એસ્યોરન્સ અને કન્સ્ટ્રક્શનના કામના ટેકનીકલ ઓડિટ માટે ખાનગી કંપનીને કામ સોપી દેવાયુ છે જ્યારે હાલ નવા સદસ્ય નિવાસ તૈયાર કરવાની યોજના સંદર્ભે પાયાના ખોદાણ બાદ પ્લિંથ લેવલે કામગીરી ચાલી રહી છે